# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 02-09-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day: Wednesday** **National News**

## આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

****************************************************

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવી દિલ્હીમાં જળશક્તિ મંત્રાલયના વિભાગીય સંમેલનના સમાપન સત્રમાં ઉપસ્થિત રહ્યા**

2) **કેન્દ્રીય મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે આત્મનિર્ભર , સ્વદેશી, સસ્તું અને અદ્યતન ટેકનોલોજીથી સજ્જ ઉર્જા ક્ષેત્ર માટે હાકલ કરી**

3) **કેન્દ્ર સરકારે વર્ષ 2024 માટે તેનઝિંગ નોર્ગે રાષ્ટ્રીય સાહસિક પુરસ્કારોની જાહેરાત કરી**

4) **નેપાળમાં વિનાશક પૂરમાં મૃત્યુઆંક વધીને એક હજાર 127 થયો**

5) **બેડમિન્ટનમાં, ભારતના કિદામ્બી શ્રીકાંત અને તન્વી શર્મા ચાઇના માસ્ટર્સ સુપર 750 ટુર્નામેન્ટના બીજા રાઉન્ડમાં પહોંચ્યા**

*************************************************************************************

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM JAL SHAKTI (EARLY)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં જળશક્તિ મંત્રાલયના વિભાગીય સંમેલનના સમાપન સત્રમાં ઉપસ્થિત રહ્યા. બે દિવસીય વિભાગીય સંમેલન પ્રધાનમંત્રી દ્વારા કલ્પના કરાયેલ વિભાગીય સમિટની શ્રેણીમાં પ્રથમ હતી , જેનો હેતુ ટીમ ઇન્ડિયાની ભાવનાને મજબૂત બનાવવા, સહકારી સંઘવાદને વધુ ગાઢ બનાવવા અને કેન્દ્ર અને રાજ્યો વચ્ચે ગાઢ સહયોગ દ્વારા રાષ્ટ્રીય પ્રાથમિકતાઓની સામૂહિક માલિકીને પ્રોત્સાહન આપવાનો હતો. આ પહેલે મહત્વપૂર્ણ ક્ષેત્રીય પ્રાથમિકતાઓ પર સંયુક્ત રીતે વિચાર-વિમર્શ કરવા અને અમલીકરણ અને પરિણામોને વેગ આપવા માટે એક માળખાગત પ્લેટફોર્મ પૂરું પાડ્યું.

# JITENDRA SINGH CLIMATE SUMMIT

વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે ઊર્જા સુરક્ષા રાષ્ટ્રીય સુરક્ષા, વ્યૂહાત્મક સ્વાયત્તતા અને આર્થિક સ્થિતિસ્થાપકતાથી અવિભાજ્ય છે. નવી દિલ્હીમાં PHD ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા આયોજિત છઠ્ઠી આંતરરાષ્ટ્રીય ક્લાયમેટ સમિટ 2026 - ભારતનું ઊર્જા અને ખાદ્ય સુરક્ષા મિશનને સંબોધતા, મંત્રીએ વધુને વધુ આત્મનિર્ભર , સ્વદેશી, સસ્તું અને ટેકનોલોજી-અદ્યતન ઊર્જા ક્ષેત્ર માટે હાકલ કરી. શ્રી સિંહે વર્તમાન સમયગાળાને સુરક્ષિત અને ટકાઉ ઊર્જા ભવિષ્ય તરફ સંક્રમણના સમય તરીકે વર્ણવ્યો , જેમાં સ્વચ્છ ઊર્જા તરફ સંક્રમણનો સમાવેશ થાય છે.

# SITHARAMAN- IMF

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે અમેરિકાના એશેવિલેમાં G20 નાણા મંત્રીઓ અને મધ્યસ્થ બેંક ગવર્નર્સની બેઠક દરમિયાન આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ-IMF ના મેનેજિંગ ડિરેક્ટર ક્રિસ્ટાલિના જ્યોર્જિવા સાથે મુલાકાત કરી. બંને નેતાઓએ વૈશ્વિક આર્થિક દૃષ્ટિકોણ અને ભારતના વિકાસ માર્ગ પર ચર્ચા કરી.

નાણાં મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે બંને નેતાઓએ વિશ્લેષણાત્મક ક્ષમતાઓને મજબૂત બનાવવા, મજબૂત મેક્રોઇકોનોમિક નીતિઓને ટેકો આપવા અને વૈશ્વિક આર્થિક સ્થિતિસ્થાપકતામાં યોગદાન આપવા માટે ભારત- IMF જોડાણ ચાલુ રાખવાના મહત્વ પર ભાર મૂક્યો.

શ્રીમતી ક્રિસ્ટાલિનાએ ભારતના મજબૂત આર્થિક પ્રદર્શન અને ટ્રેક રેકોર્ડની પ્રશંસા કરી, ભારતીય અર્થતંત્ર દ્વારા બનાવવામાં આવેલી મજબૂતાઈની નોંધ લીધી.

# NAIDU- MEETING EOB

નાગરિક ઉડ્ડયન મંત્રી કે રામમોહન નાયડુએ આજે નવી દિલ્હીમાં નાગરિક ઉડ્ડયન મંત્રાલય અને એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક યોજી, જેમાં નાગરિક ઉડ્ડયન ક્ષેત્રમાં વ્યવસાય કરવાની સરળતાને પ્રોત્સાહન આપવા માટેના પગલાંની સમીક્ષા કરવામાં આવી હતી , જેમાં ખાસ કરીને નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ- NOC જારી કરવાની પ્રક્રિયાને સરળ અને સુવ્યવસ્થિત કરવા પર ભાર મૂકાયો.

શ્રી નાયડુએ સંબંધિત અધિકારીઓને NOC પ્રક્રિયાને સરળ બનાવવા , સ્વચાલિત કરવા અને વિકેન્દ્રીકરણ કરવા માટેની પદ્ધતિઓની તપાસ કરવા અને કામ કરવા તથા 15 દિવસની સમયમર્યાદામાં તેના અમલીકરણ માટે જરૂરી પગલાં લેવા નિર્દેશ આપ્યો.

# PREZ-TENZING NORGAY AWARDS

કેન્દ્ર સરકારે વર્ષ 2024 માટે તેનઝિંગ નોર્ગે રાષ્ટ્રીય સાહસિક પુરસ્કારોની જાહેરાત કરી છે. આ પુરસ્કારો સાહસિક ક્ષેત્રમાં વ્યક્તિઓ દ્વારા ઉત્કૃષ્ટ સિદ્ધિઓ બદલ અને પડકારજનક પરિસ્થિતિઓમાં સહનશક્તિ , જોખમ લેવા , ટીમવર્ક અને ઝડપી અને અસરકારક નિર્ણય લેવાની ભાવનાને પ્રોત્સાહન આપવા એનાયત કરાય છે.

આ પુરસ્કારો ભૂમિ સાહસ , જળ સાહસ , હવાઈ સાહસ અને લાઈફટાઈમ એચિવમેન્ટ એમ ચાર શ્રેણીઓમાં આપવામાં આવે છે. દરેક પુરસ્કાર વિજેતાને એક પ્રતિમા, પ્રમાણપત્ર અને 15 લાખ રૂપિયાની પુરસ્કાર રકમ પ્રાપ્ત થશે.

પુરસ્કાર વિજેતાઓમાં લેન્ડ એડવેન્ચર કેટેગરીમાં બલજીત કૌર અને સ્કાલઝાંગ રિગ્ઝિન, વોટર એડવેન્ચર કેટેગરીમાં રિમો સાહા અને લાઇફ ટાઈમ એચિવમેન્ટ કેટેગરીમાં શિવ પ્રસાદ ચમોલીનો સમાવેશ થાય છે.

# SC-BCI

સર્વોચ્ચ અદાલતે આજે જણાવ્યું હતું કે, નવી ચૂંટાયેલી રાજ્ય બાર પરિષદ-BCI ની રચના માટે વૈધાનિક પ્રક્રિયા પૂર્ણ કર્યા પછી તે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના પુનર્ગઠનનો નિર્ણય લેશે. અદાલત વરિષ્ઠ વકીલ મનન કુમાર મિશ્રા દ્વારા BCI ના અધ્યક્ષ પદ પર સતત રહેવા અને 2030 સુધી તેમના કાર્યકાળના કથિત વિસ્તરણને પડકારતી અરજીઓની સુનાવણી કરી રહી હતી.

તેમાં કહેવામાં આવ્યું છે કે , શ્રી મિશ્રાના અધ્યક્ષપદનો મુદ્દો અને BCIનું પુનર્ગઠન કરવાની જરૂર છે કે કેમ તે અંગે તમામ રાજ્ય બાર કાઉન્સિલની ચૂંટણીઓ પૂર્ણ થયા પછી અને તેઓ BCI માટે તેમના પ્રતિનિધિઓની પસંદગી કરે તે પછી જ વિચારણા કરાશે.

ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંતની આગેવાની હેઠળની ખંડપીઠે અધિકારક્ષેત્રવાળી ઉચ્ચ અદાલતોના મુખ્ય ન્યાયાધીશોને રાજ્ય બાર કાઉન્સિલમાં મહિલા સભ્યોના બાકી રહેલા સહ-વિકલ્પને બે અઠવાડિયામાં પૂર્ણ કરવાનો નિર્દેશ આપ્યો છે.

# SHRIRAM JANMBHOOMI TRUST-CEO

ઉત્તર પ્રદેશમાં, પશ્ચિમ વાયુ કમાન્ડના ભૂતપૂર્વ કમાન્ડર , નિવૃત્ત એર માર્શલ જીતેન્દ્ર મિશ્રાને આજે અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ ક્ષેત્ર ટ્રસ્ટના પ્રથમ મુખ્ય કારોબારી અધિકારી-CEO તરીકે નિયુક્ત કરાયા છે. ટ્રસ્ટના પ્રમુખ મહંત નૃત્ય ગોપાલ દાસની અધ્યક્ષતામાં અયોધ્યાના મણિરામ દાસ છવાની ખાતે યોજાયેલી ટ્રસ્ટની બેઠક બાદ આ નિમણૂકની જાહેરાત કરવામાં આવી. CEO ટ્રસ્ટની વહીવટી કામગીરીની દેખરેખ રાખવા અને શ્રી રામ મંદિર સંકુલને લગતી મુખ્ય સંચાલન જવાબદારીઓ સંભાળવા માટે જવાબદાર રહેશે. ટ્રસ્ટના નવા CEO અને પશ્ચિમ વાયુ કમાન્ડના ભૂતપૂર્વ કમાન્ડરે પણ ઓપરેશન સિંદૂરમાં મુખ્ય ભૂમિકા ભજવી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# REV NEPAL PM-FLASH FLOOD

નેપાળમાં વિનાશક પૂરમાં મૃત્યુઆંક વધીને એક હજાર 127 થયો છે , જ્યારે લગભગ ચાર હજાર 900 લોકો હજુ પણ ગુમ છે. નેપાળ-તિબેટ સરહદ નજીક બરફ અને ખડકોના પતન અથવા હિમપ્રપાતને કારણે આવેલા અચાનક પૂરે ગયા મહિનાની 26મી તારીખે ઉત્તર અને મધ્ય નેપાળના નગરો અને ગામડાઓને તારાજી સર્જી હતી. નેપાળના પ્રધાનમંત્રી બાલેન્દ્ર શાહે આજે સંસદમાં જણાવ્યું હતું કે અચાનક પૂરથી થયેલ વિનાશ , હિમાલય ક્ષેત્રમાં વધતા જતા આબોહવા જોખમોની સ્પષ્ટ ચેતવણી છે અને આંતરરાષ્ટ્રીય સમુદાયને તેની અસરો ઘટાડવા માટે જવાબદારી વહેંચવા હાકલ કરી છે.

# BIHAR FLOOD

બિહારના વિવિધ જિલ્લાઓમાં પૂરની સ્થિતિ વણસી રહી છે. નેપાળ , પડોશી રાજ્યો અને સમગ્ર રાજ્યમાં સતત વરસાદને કારણે ગંગા , ગંડક અને કોસી સહિતની મુખ્ય નદીઓના જળસ્તરમાં વધારો થયો છે.

સાંભળીએ એક અહેવાલ..

## (VC: SABIT PAREEKH)

***"बिहार में प्रमुख नदियों के जलस्तर में बढ़ोतरी से वाल्मीकि नगर, कोसी वीरपुर, सोन इन्द्रपुरी बैराज से जलाशयों में बढ़ोतरी से संबंधित जिलों में बाढ़ का संकट गहरा गया है। भागलपुर, औरंगाबाद, बेगूसराय, बक्सर, भोजपुर, मुंगेर, पटना, खगड़िया, वैशाली और जहानाबाद के बाद कैमूर जिले में भी बाढ़ के हालात उत्पन्न हो गए हैं। जिला प्रशासन ने लगातार हो रही बारिश और दुर्गावती जलाशय से पानी छोड़े जाने के बाद फ्लैश फ्लड का अलर्ट जारी किया है। प्रशासन की ओर से नदी किनारे बसे लोगों को सुरक्षित स्थानों पर पहुंचाने के प्रयास किए जा रहे हैं। सविता पारिक, आकाशवाणी समाचार, पटना।"***

# BADMINTON

બેડમિન્ટનમાં, ભારતના કિદામ્બી શ્રીકાંત અને તન્વી શર્માએ ગુઆંગડોંગ પ્રાંતના શેનઝેનમાં યોજાયેલી ચાઇના માસ્ટર્સ સુપર 750 ટુર્નામેન્ટના બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો છે. પુરુષોની જોડી, સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટી તેમજ મિશ્ર ડબલ્સની જોડી, ધ્રુવ કપિલા અને તનિષા ક્રાસ્ટો પણ આગામી રાઉન્ડમાં પ્રવેશ્યા છે.

મેન્સ સિંગલ્સમાં, 2021 વર્લ્ડ ચેમ્પિયનશિપના સિલ્વર મેડલ વિજેતા , શ્રીકાંતે શરૂઆતની મેચમાં ચાઇનીઝ તાઈપેઈના ચી યુ જેનને 21-16 , 21-15 થી હરાવ્યો. જ્યારે મહિલા સિંગલ્સમાં , તન્વીએ ડેનમાર્કની અમાલી શુલ્ઝને 21-16 , 21-17 થી હરાવી.

# EBOLA OUTBREAK

કોંગોમાં ઇબોલા વાયરસના 6 હજાર 100થી વધુ પુષ્ટિ થયેલા કેસોમાંથી ત્રણ હજારથી વધુ લોકોના મોત થયા છે. આજે જાહેર કરાયેલા તાજેતરના સરકારી આંકડા અનુસાર, મે મહિનાના મધ્યમાં આ રોગચાળાની જાહેરાત થયા પછી , 6 હજાર 186 કેસો નોંધાયા છે, જેમાં 3 હજાર 7 મૃત્યુનો સમાવેશ થાય છે.

આ રોગ અનેક કારણોસર ઝડપથી ફેલાઈ રહ્યો છે , જેમાં દેશના પૂર્વીય ક્ષેત્રમાં સંઘર્ષ, આરોગ્ય કર્મચારીઓ પર હુમલા અને અપૂરતી આરોગ્ય માળખાકીય સુવિધાઓનો સમાવેશ થાય છે. રોગચાળા દરમિયાન શાળાઓ ફરી ખુલવાથી વર્ગખંડોમાં વાયરસના ફેલાવા અંગે પણ ચિંતાઓ ઉભી થઈ છે.

# CCPA- EXPLOSIVE

કેન્દ્રીય ગ્રાહક સંરક્ષણ સત્તામંડળ , CCPA એ એક ખાનગી લિમિટેડ કંપની પર ફરજિયાત સલામતીના નિયમો વિના વિસ્ફોટક પદાર્થના ઓનલાઈન લિસ્ટિંગ અને વેચાણ માટે 10 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. ઓથોરિટીના જણાવ્યા અનુસાર , પ્લેટફોર્મ લાઇસન્સ ચકાસણી , ખરીદનારની લાયકાત તપાસ અને ફરજિયાત સલામતી જાહેરાતો વિના એમોનિયમ નાઈટ્રેટનું ઓનલાઈન લિસ્ટિંગ કરાવતું હોવાનું જાણવા મળ્યું છે. તેણે કંપનીને એમોનિયમ નાઈટ્રેટ અથવા વિસ્ફોટક અધિનિયમ , 1884 હેઠળ વિસ્ફોટક તરીકે વર્ગીકૃત કરાયેલા કોઈપણ અન્ય પદાર્થની લિસ્ટિંગ , હોસ્ટિંગ, જાહેરાત અથવા વેચાણની સુવિધા તાત્કાલિક બંધ કરવાનો પણ નિર્દેશ આપ્યો છે.